જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૩/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર ચાદી નં.૪૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ અને ૪૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૧૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર ચાદી નં.૪૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૪૩૬/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ (૧) સાદીકહુસેન ગુલામહુસેન મલેક (ઉ.વ.૪૮) (રહે. હયાતનગર ફરીદાબાદ પાસે રામોલ રોડ રામોલ) એ તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૫ નારોજ અજાણી વ્યક્તિએ સાદીકહુસેન મલેકનાઓના મોબાઈલ નંબરના વૉટ્સએપમાં ઓનલાઈન ઈ–ચલણ ભરવા ઉપયોગમાં લેવાય તેવી "Traffic Challan 500.apk" બનાવટી નામવાળી APK ફાઈલ તથા તેના નીચે "Open APK file And check your E-challan details because today is last date." નો મેસેજ મોકલતા સાદીકહુસેન મલેક એ ટ્રાફિક ચલણ ભરવા ઉપયોગમાં લેવાય તેમ સમજીને આ APK પર ક્લિક કરતાં સાદીકહુસેન મલેક નાઓના મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. દરમ્યાન સાદીકહુસેન મલેકના ફોનમાં "TRAFFIC POLICE" ના લોગોવાળા ચાર વૉટ્સએપ ગૃપ બનાવી, સાદીકહુસેન મલેકના સગાસંબંધીઓને "Traffic Challan 600.apk" બનાવટી નામવાળી APK ફાઈલ વૉટ્સએપમાં ફોરવર્ડ કરી સાદીકહુસેન મલેકના ફોનમાં બેન્કીંગ એપનો એક્સેસ મેળવી સાદીકહુસેન મલેકના બેન્કના ખાતામાં પોતાના જ બીજા ખાતામાં રૂપિયા ૫૭૦૦/– ટ્રાન્સફર કરી અને સાદીકહુસેન મલેકના આ જ ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂપિયા ૧૩,૧૪,૧૩૪/– અજાણી વ્યક્તિઓના ક્રેડિટકાર્ડના બીલોનું પેમેન્ટ કરી દીધું હતું. તેમજ અન્ય બેન્ક ખાતામાંથી રૂપિયા ૯૧,૫૦૦/– ટ્રાન્સફર કરી લઈ ટ્રાફિક ચલણ ભરવાના નામે "Traffic Challan 500.apk" બનાવટી નામવાળો ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવી સાદીકહુસેન મલેકના ફોનમાં મોકલી સાદીકહુસેન મલેક સાથે કુલ રૂપિયા ૧૪,૦૫,૬૩૪/– ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) જીતેન્દ્રકુમાર કાંતીભાઈ પટેલ (ઉ.વ.૫૩) (રહે. સુંદરમ રેસીડેન્સી ગોલ્ડન રેસીડન્સી સામે જેબીઆર આર્કેડ પાછળ સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૬ રાતના ૧૦/૪૫ થી તા.૨૨/૦૩/૨૦૨૬ બપોરના ૦૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ મેસેજ દ્વારા જીતેન્દ્રકુમાર પટેલના મોબાઇલ ફોનમાં રહેલ વોડાફોન કંપનીનુ ઇ-સીમ કાર્ડ બ્લોક કરાવવા રીકવેસ્ટ કરી કાર્ડ બંધ કરાવડાવી જીતેન્દ્રકુમાર પટેલના નેટ બેંકીંગનો ઉપયોગ કરી નેટ બેંકીંગનો એક્સેસ મેળવી ક્રીશ્ના કન્સ્ટ્રક્શન કંપનીના યશ બેંક ખાતામાંથી જુદા-જુદા પંદર ટ્રાન્જેક્શન દ્વારા નવ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૦૭,૮૫,૦૦૦/- ઓનલાઇનના માધ્યમથી ટ્રાન્સફર કરી લઈ ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ- **સમાચાર ચાદી નં.૪૩૭/૨૦૨૬**

કારંજઃ મુકેશભાઈ સુમતીલાલ શાહ (ઉ.વ.૬૩) (રહે. સ્વામિનારાયણ પાર્ક-૨ ન્યુ વાસણા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૬ રાતના ૦૮/૩૦ થી તા.૨૬/૦૩/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખમાસા મ્યુનીસિપલ કોર્પોરેશનની ઓફીસની બાજુમાં શ્રી જલારામબાપાના મંદીરના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ મંદીરમા પ્રવેશ કરી લોખંડની તથા લાકડાની દાન પેટી તોડી બન્ને દાન પેટીમાંથી આશરે રૂપિયા ૨૫,૦૦૦/- તથા મંદીરના અંદરના કેબિનમા દિવાલમા ફીટ કરેલ લોખંડની તીજોરીનો દરવાજો તથા તીજોરીના અંદરના ડ્રોઅરનો દરવાજો ખોલી ડ્રોઅરમાંથી રૂપિયા ૧૯,૧૯૬/- અને ચાંદીના કુલ-૧૦ સિક્કા કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ કેબિનની અંદર ઉપરના ભાગે રાખેલ સી.સી.ટી.વી કેમેરાનું ડીવીઆર બોક્ષ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૧૯૬/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાઠોડ ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયોઃ- **સમાચાર ચાદી નં.૪૩૮/૨૦૨૬**

રામોલઃ ચેતનકુમાર જયંતીલાલ શ્રીમાળી (રહે. સાંઇધામ ટેનામેન્ટ મેટ્રો પિલ્લર નંબર-૧૨૫ પાસે રૂદ્ર કોમ્પલેક્ષ પાછળ મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ રામોલ) એ તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૩/૨૦૨૬ રાતના ૦૯/૦૦ વાગ્યાના સુમારે ચેતનકુમારના પત્ની વસ્ત્રાલ ત્રિલોક પાર્ક સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ચેતનકુમારના પત્નીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રભાતસંગ દેવુભાઇ ચલાવે છે.

નવમાં માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૪૩૯/૨૦૨૬**

નારોલઃ નારોલ કર્ણાવતી પરિસર બંગલોની બાજુમાં લેબર કોલોની ખાતે રહેતા સરદારભાઇ મનસુખભાઇ બારીઆ (ઉ.વ.૪૬) (મુળ વતન. તલાવડી ફળીયુ ચોપડા બુજર્ગ તા.મોરવાહડફ જી.પંચમહાલ) નાઓ તા.૨૬/૦૩/૨૦૨૬ સાંજના ૫/૧૩ વાગ્યા પહેલા કર્ણાવતી-૮ "ડી" બ્લોક, નવમાં માળ ખાતે ચણતરનું કામ કરતા હતા ત્યારે ૯૦૩-ડી મકાનની બાલ્કનીમાથી પગ લપસી જતા નવમા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૪૦/૨૦૨૬**

વાડજઃ ધર્મેશભાઈ યોગેશભાઈ ડાભી (ઉ.વ.૨૪) (રહે. હરીઓમ એપાર્ટમેન્ટ બ્લોક નંબર એ–૭૩ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવકરણભાઇ અજાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી